વીજ વાયર મોત બની ત્રાટકે તે પહેલા લાઈન હટાવવી જરૂરી

મોડાસાના માથાસુલિયા પ્રા. શાળામાં અભ્યાસ કરતા બાળકોના માથે મંડરાતુ મોત

મોડાસા, તા. ૨૭

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના માથાસુલિયા પ્રાથમિક શાળા નજીકથી પસાર થતી ભયજનક વિજ લાઈનના તાર ઝુલા ખાતા હોવાથી તેમજ વારંવાર સોર્ટ સર્કીટ અને વિજ તાર તુટવાની ઘટના બનતા શાળામાં અભ્યાસ કરતા ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓમાં ભય ફેલાયો છે. માથા સુલિયાના મુખ્ય શિક્ષક તેમજ સ્ટાફ મિત્રોએ શાળા નજીકથી પસાર થતી વિજ લાઈનને હટાવવા મોડાસા યુજીવીસીએલના કાર્યપાલક ઈજનેરને લેખીતમાં જાણ કરી હતી. વીજતાર બાળકો કે શિક્ષકો માથે મોત બની ત્રાટકે તે પહેલા વીજ લાઈન અહીંથી ખસેડી લેવી વિદ્યાર્થીઓ માટે યોગ્ય રહેશે.

મોડાસા યુજીવીસીએલ કચેરી દ્વારા જિલ્લામાં તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં મેઈન્ટેનન્સના નામે વારંવાર વિજકાપ મુકી વિજ તારો તેમજ વિજ-થાંભલાઓનું સમારકામ કરવા છતા જિલ્લાના મોટા ભાગના વિસ્તારોમાં પસાર થતી વિજલાઈનોના તાર ઝુલા ખાતા તેમજ હળવા પવનમાં પણ શોર્ટ-સર્કીટ થતા જિલ્લાના પ્રજાજનોને નુકશાન ભોગવવું પડે છે. મોડાસા તાલુકાના માથાસુલિયા પ્રાથમિક શાળા નજીકથી પસાર થતી વિજ લાઈનમાં છાશવારે શોર્ટ-સર્કીટની ઘટનાઓ બને છે. ગુરૂવારે સવારે ૮.૩૦ કલાકે પણ વીજ તારમાં શોર્ટ-સર્કીટની ઘટના બની વિજ વાયર તુટી શાળાના કંપાઉન્ડ વોલની બાજુમાં તેમજ મુખ્ય દરવાજા આગળ પડતા વિદ્યાર્થીઓમાં દોડધામ મચી ગઈ હતી. વારંવાર બનતી વિજતારની સોર્ટ સર્કીટની ઘટનાઓથી શાળામાં અભ્યાસ કરતા બાળકોમાં ફફડાટ ફેલાયો હતો. ત્યારે ગુરૂવારે જીવંત વિજ વાયર તુટી પડતા સદનસિબે જાનહાની ટળી હતી. છાશવારે બનતી શોર્ટ સર્કીટની ઘટનાથી શાળાના આચાર્ય દ્વારા શાળામાં અભ્યાસ કરતા બાળકોને જાનહાનિ ન થાય તે માટે વીજ લાઈનું રીપેરીંગ તાબડતોડ કરી શાળા નજીકથી પસાર થતી વિજ લાઈન હટાવી લેવા લેખીતમાં રજૂઆત કરી હતી. તદ્ઉપરાંત યુજીવીસીએલની મુખ્ય શાખા મહેસાણા તેમજ તાલુકા વિકાસ અધિકારીને પણ લેખીતમાં રજૂઆતનો દોર હાથ ધર્યો હતો.

પ્રિયંકાને યોગ અને અધ્યાત્મિકતામાં વિશેષ રસ રહ્યો છે : ડૉ. મધુ ચોપડા

ડીસા, તા. ૨૭

બોલીવુડ દુનિયાની પ્રસિદ્ધ અભિનેત્રી પ્રિયંકા ચોપડા બ્રહ્માકુમારીઝના અનેક કાર્યક્રમોમાં મુંબઈ તથા મા. આબુમાં ભાગ લઈ ચુકી છે. તેણીના યોગ અને અધ્યાત્મકતાના ગહન સંબંધો તથા અન્ય વિષયે તેમની માતા ડૉ. મધુ ચોપડાએ બ્રહ્માકુમારીઝના આંતરરાષ્ટ્રિય મુખ્યાલય મા. આબુ ખાતે મિડીયા પ્રતિનિધિ શશીકાન્ત ત્રિવેદીને જણાવેલ કે પ્રિયંકાનું ફિલ્મ દુનિયામાં આવવુ એક અકસ્માત જ હતુ કારણ કે પરીવારના લોકો ચાહતા ન હતા કે પ્રિયંકા ફિલ્મ દુનિયામાં પ્રવેશ કરે સન ૧૯૯૯માં પ્રિયંકાના ભાઈ સિદ્ધાર્થે ફિલ્મ ઈન્ટરન્યુનું ફોર્મ પ્રિયંકાનું ભરેલ જેની ઓફર આવતા પ્રિયંકા પાસ થઈ ગયેલ ત્યારબાદ તેની લગન દઢ સંકલ્પ અને મહેનતે તેણીને આગળ વધારેલ. પ્રિયંકાની માતા ડૉ. મધુને તેમની પુત્રીના જીવન વિષયે પુછતા જણાવેલ કે તેણી ખુબજ સંસ્કારી છોકરી છે. તેમના મિત્રો ઘણા હતા પરંતુ એવુ વર્તન ન હતુ જેથી તેની કારકિર્દીમાં જીવન ઘડતરમાં તેણીને વિઘ્ન સ્વરૂપ હોય પ્રિયંકાનું ધ્યાન સદા તેના લક્ષ પર રહ્યુ તેણી ક્યારે પણ માત-પિતાને પુછ્યા વગર કોઈ કામ નથી કરતી ભલે તે બોલીવુડ સુધી પહોંચી પરંતુ તેણે અમોએ સંસ્કાર આપેલા છે. કે જીવન ખુબજ અમુલ્ય છે. તેને વ્યર્થ ન વેડફતા તે સદઉપયોગ ખરા અર્થમાં કરવો તેમાં સમજદારી રહેલ છે. એક પ્રશ્નના ઉત્તરમાં ડૉ. મધુ ચોપડાએ જણાવેલ કે પ્રિયંકા તેના દરેક કાર્યક્રમો-શુટીંગમાં મને સાથે જ રાખે છે.

પ્રિયંકા હંમેશા કોઈપણ ફીલ્મની ઓફર આવતી તેણી તેના પિતાશ્રીને બતાવી ફિલ્મ સ્ક્રીપ્ટ વંચાવી પિતાજીની સહમતિથી ફિલ્મો સાઈન કરતી તેણીનો પિતા સાથેનો અતુટ પ્યાર આજે મારે સાથે રહી પુર્ણ કરવો પડે છે. પિતાના અવજ્ઞાન બાદ પણ તેણી યોગા-અધ્યાત્મકતાના બળે મનોબળ દઢ બનાવી સફળતાના શીખરે પહોંચી છે.

મલાઈ ગોલ પેડા
RS. 240/kg
રજવાડી પેડા
RS 280/kg

ફૂડ એન્ડ ડ્રગ્સની અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં કામગીરી એટલે 'કહેતા ભી દિવાના સૂનતા ભી દિવાના'

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં નકલી-ઘી-માવા ત્યારબાદ નકલી દૂધમાંથી બનેલી મીઠાઈઓ અને સીંગતેલના એસેન્સનો ઉપયોગ કરી બનાવેલા ફરસાણથી બન્ને જિલ્લાના આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લાના પ્રજાજનોનું સ્વાસ્થ જોખમાય તે પહેલા ચકાસણી હાથ ધરવામાં આવે તેવી જિલ્લાના પ્રજાજનોની માંગ ઉગ્ર બની છે. બન્ને જિલ્લાના પ્રજાજનો દ્વારા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગમાં ફરીયાદ કરવામાં આવે તો જ કામગીરી કરવામાં આવે છે તે પણ ફક્ત નામ પુરતી જ ફરીયાદ મળ્યા બાદ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા જે તે દુકાનદારને છાવરવામાં આવતો હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના હપ્તારાજના ઓથા હેઠળ મીઠાઈ અને ફરસાણના વેપારીઓ બેફામ બની બિન્દાસ્તપણે નકલી મીઠાઈ સામે અસલી રૂપિયા લૂંટી રહ્યા છે.

પર્યાવરણ અને શિક્ષણની જાગૃતિ માટે પાલનપુરમાં વિશ્વના ૧૧ દેશોમાં પદયાત્રા કરનારી ટીમનું જિલ્લા કલેકટરે કર્યું સન્માન

વિશ્વમાં પર્યાવરણ અને શિક્ષણ માટે ની જન જાગૃતિ ફેલાવાના હેતુ થી ૧૧ દેશો ની પદયાત્રા કરનાર યુવા ટિમ આજે જિલ્લા મથક પાલનપુર આવી પહોંચી હતી જ્યા જિલ્લા કલેકટર જેનું દેવન એ યુવાનો નું સ્વાગત કરી શુભેચ્છા પાઠવી હતી ૩૦ જુલાઈ ૧૯૮૦ થી પયાર્વરણ, શિક્ષણ તેમજ વધતી જતી જન સંખ્યા ની ચિંતા ને લઈને અનેક યુવાનો એ વિશ્વભર માં લોક જાગૃતિ માટે પદયાત્ર ની શરૂઆત કરી હતી ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ, વર્મા, ચીન, નેપાળ, ભૂતાન, અફઘાનિસ્તાન સહીત ૧૧ દેશો માં ૩ લાખ થી વધુ કિલો મીટર ની પદયાત્રા કરી છે વિશ્વ માં લોક જાગૃતિ પદયાત્રા કરનાર આ ટીમે દેહદાન કરવાની પણ જાહેરાત કરી છે આ ઉપરાંત ગિનિસ અને લિમકા વલ્ડ બુક માં સતત સાત વાર નામ પણ દાખલ કરી રેકોડ પાર સર્જ્યો છે ૨૦ લોકો ની ટીમે ૧૧ દેશો અને ૩ લાખ થી વધુ કિલો મીટર પદયાત્રા કરનાર આ યુવાનો એ ભારતીય પ્રજાતિના ૬ કરોડ થી વધુ વૃક્ષો નું વાવેતર પણ કર્યું છે મહત્વ વાત એ છે કે હાલ માં તેઓ ગુજરાત ના ૧૫ જિલ્લાઓ માં રોજનું ૪૦ થી ૬૦ કિલો મીટર સુધી ની પદયાત્રા કરી રહયા છે આ પદયાત્રા માં ગુજરાત, ઉત્તર પ્રદેશ, રાજેસ્થાન અને મધ્યપ્રદેશ ના લોકો પણ જોડાયા છે જીતેન્દ્ર પ્રતાપ જણાવ્યું હતું કે ૧૯૮૦ માં વિશ્વ પદયાત્રા શરૂઆત કરનાર ૨૦ લોકો ના ગ્રુપ માંથી કોઈ એ પણ લગ્ન કર્યા નથી અને પોતાન શરીર નું દેહદાન કરી આખું જીવન વિશ્વમાં લોક જાગૃતિ માટે સમર્પિત કરી દીધું છે.

મોડાસા કલેક્ટર કચેરી ખાતે હોટલ, રેસ્ટોરન્ટ અને સ્વીટ માર્ટના વેપારીઓની બેઠક

મોડાસા, તા. ૨૭

અરવલ્લી જિલ્લા કચેરી ખાતે ઈન્ચાર્જ મામલતદાર આર.કે. પંચાલની અધ્યક્ષતા હેઠળ આગામી દિવાળીના તહેવારોના અનુસંધાને વાજબીભાવ અંગેની મોડાસા હોટલ રેસ્ટોરંટ અને સ્વીટમાર્ટના વેપારીઓની મીટીંગ યોજાઈ હતી.

આ મીટીંગમાં વેપારીઓ સાથેની મીટીંગમાં હાલના સંજોગોમાં મીઠાઈ તથા ફરસાણમાં વપરાતા કાચા માલસામાનના તથા ચીજવસ્તુના ભાવ આસમાને હોવા છતાં રેસ્ટોરન્ટ તથા સ્વીટમાર્ટના વેપારીઓએ ઈન્ચાર્જ મામલતદાર આર.કે. પંચાલ સાથે થયેલ ચર્ચાવિચારણા અંતે નીચે મુજબના ભાવ નક્કી થયેલ હતા.

માવો તથા ચોખ્ખા ઘીની મીઠાઈઓ કિલોના રૂ. ૩૬૦, જનતા મીક્સ મીઠાઈઓ કિલોના ૨૫૦, કાજુની બનાવટની મીઠાઈઓ કિલોના રૂ. ૮૦૦, ચવાણું કિલોના ૧૮૦ રૂ. આમ આગામી દિવાળીના તહેવારોમાં વાજબી ભાવે મીઠાઈ તથા ફરસાણ વેચવાની સંમતિ દર્શાવેલ હતી. તેમજ તેમના તરફથી અપાયેલ સુચનાઓનું પાલન કરવાની પ્રોમીશ આપેલ.

વેપારી એસોસીએશન તરફથી નગરમાં ઠેર ઠેર બિલાડીના ટોપની જેમ બિન પરવાનેદાર વેપારીઓ તરફથી જાહેર માર્ગ ઉપર ટેન્ટ બનાવી બિન આરોગ્યપ્રદ ફરસાણ તથા મીઠાઈઓનું વેચાણ કરી લોકોના જીવન સાથે ચેડા કરતા વેપારીઓ સામે કડક થવાની રજુઆત કરેલ જેને અંતે યોગ્ય કાર્યવાહી કરવા ખાતરી આપેલ હતી.

થરાની બજારમાં ફટાકડાની દુકાનોનો રાફડો

શિહોરી, તા. ૨૭

કાંકરેજના વેપારી મથક થરાની બજારમાં જાહેર સ્થળો ઉપર તેમજ શોપિંગ સેન્ટરોમાં દિવાળીના ફટાકડાના સ્ટોલ ઉભા કરી પરવાનગી વિના વેપારીઓ વ્યવસાય કરી રહ્યા છે.

ફટાકડા સ્ટોલ પૈકીના કેટલાક પરવાનેદારો અને કેટલાક ભુતીયા સ્ટોલ હવે તેની જાણે તંત્રને અગ્નિશામક યંત્રો કે પાણીની સુવિધા પણ નથી જો કે થરા નગર પાલિકામાં ફાયર ફાઈટર ઉપલબ્ધ નથી તોય લોકો આવા સ્ટોલ ઉભા કરે છે. ભવિષ્યમાં ફટાકડાની દુકાનમાં આગ લાગે તો મોટી જાનહાનિ થવાની સંભાવનાઓને નકારી શકાય નહિ. ત્યારે આવા ફટાકડાના સ્ટોલ ખોલી બેઠેલાઓને તંત્ર દ્વારા તપાસ કરી યોગ્ય કાર્યવાહિ કરાય તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

પ્રાંતિજના ટીડીઓ દ્વારા દિવાળીનું ઉઘરાણું કર્યાની બૂમ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે તાલુકા પંચાયત ના ટીડીઓ દ્વારા કોન્ટ્રાક્ટરો જોરે બેર જબરી દિવાળી નું ઉઘરાણું કર્યું જયારે અગાઉ પણ ત્રણ મહિના પહેલા ઉઘરાણું કર્યુ હતું અને ફળી દિવાળી આવતાં દિવાળી ના નામે રોકડી કરી.

પ્રાંતિજ રેલ્વે સ્ટેશન ઉપર આવેલ તાલુકા પંચાયત ના ટીડીઓ એ.જે.પટેલ લે માત્ર પૈસાની લાહ્યમાં હદ કરી હોય તેવી લોક ચર્ચાઓ લોકો ના માંઢે ચર્ચાઈ રહીછે જયારે એક કોન્ટ્રાકટર દ્વારા નામ ના છાપવા ના શરતે જણાવ્યું હતું જયારે તેવો ના સમય થી ભષ્ટાચાર માં વધારો થયો હોય તેવી પણ ચર્ચાઓએ જોર પકડયું છે ત્યારે ત્રણ મહિના અગાઉ પણ તાલુકા ના વિવિધ કોન્ટ્રાકટરો પાસે ઉપરાણું કર્યા બાદ ફરી દિવાળી આવતાં પત્રકારો ને આપવાનાં બહાને લાખ્ખો નું ઉગારૂ કરતા કોન્ટ્રાક્ટરો કામની લાહ્યમાં ટીડીઓ ની આપ ખુદ શાહી સામે ફરી નમતું જોખ્યું છે અને કામની ટકા વારી તો બાજુમાં પણ વર્ષ માં બબ્બે વખત દિવાળી લેતાં આ ટીડીઓ મહાશય પાસેથી કામ જોયતુ હોય તો કોન્ટ્રાકટરોન દ્વારા દિવાળી વર્ષ માં બે કે ત્રણ વાર કરાવવી પડે છે ત્યારે હાલતો કામની લ્હાયમાં વિવિધ કોન્ટ્રાક્ટરો દ્વારા ટીડીઓ ની જોલી ભરતાં હોય તેવું સ્પષ્ટ જણાઈ આવેછે ત્યારે ખરેખર તપાસ થાયતો તાલુકા પંચાયત નો કેટલોય ભષ્ટાચાર બહાર આવે તેમ છે ત્યારે હાલતો આ કચેરી માં હોતા હે ચલતા હે ની સ્થિતિ જોવાં મળી છે ત્યારે આ કચેરીમાં હજુ આવી કેટલી દિવાળી આવશે અને આવા અધિકારીઓ દિવાળી ઉઘરાણું કરશે એતો હવે જોવા નું રહ્યું ત્યારે હાલતો ટીડીઓ દ્વારા ચાર્જ નો દુર ઉપયોગ કરે છેત્યારે શુંઆવી કચેરીઓ સામે પગલાં લેવા શેકે કેમ એતો હવે જોવાનું રહ્યું.

તાલુકા પંચાયત કચેરી
પ્રાંતિજ

જાસૂસી પ્રવૃત્તિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતી. પોલીસે માહિતી આપતા કહ્યું છે કે અખ્તર પહેલા પાકિસ્તાન આર્મીમાં બલુચ રેજિમેન્ટમાં હવલદાર તરીકે હતા. ત્યારબાદ આજથી ત્રણ વર્ષ પહેલા આઈએસઆઈએ તેમને નિયુક્ત કરી લીધા હતા. ત્યારબાદ તેમની તૈનાતી જાણી જોઈને હાઈકમિશનમાં વિઝા ડિપાર્ટમેન્ટમાં કરી દેવામાં આવી હતી. જેથી જાસૂસીને અંજામ આપી શકાય. ગુપ્ત જાણકારી આપનાર ભારતીયોની ભરતી કરવામાં આવતી હતી. તેઓ આ લોકો પાસેથી ગુપ્ત માહિતી એકત્રિત કરીને તેને પાકિસ્તાન હાઈકમિશનમાં આપતા હતા અને ત્યારબાદ આ માહિતી આગળ મોકલવામાં આવી રહી હતી. સંવેદનશીલ માહિતીના બદલે પૈસા આપવામાં આવતા હતા. જ્યારે તેમને કસ્ટડીમાં લઈને પૂછપરછ કરવામાં આવી ત્યારે આ વ્યક્તિએ શરૂઆતમાં પોતાને ભારતી તરીકે ગણાવ્યા હતા. એક બનાવટી આધાર બતાવીને માહિતી છુપાવવાના પ્રયાસ કર્યા હતા. જોકે લાંબી પૂછપરછ કરવામાં આવ્યા બાદ તમામ વિગતો ખુલી ગઈ હતી. પોલીસે કહ્યું છે કે જે બે ભારતીયોની ધરપકડ કરવામાં આવી છે તેમના નામ મૌલાના રમજાન અને સુભાષ જાંગીડ છે. પોલીસે કહ્યું છે કે આ રાજસ્થાનના નાગોરમાં રહેનાર લોકો છે. આઈએસઆઈ માટે કામ કરી રહ્યા હતા. બંને અખ્તરને સંવેદનશીલ માહિતી આપી રહ્યા હતા. તેમની પાસેથી સેનાની તૈનાતી, બોર્ડર સિક્યુરિટી ફોર્સ સાથે જોડાયેલા નકશા, વિઝા હાંસલ કરવા સાથે સંબંધિત દસ્તાવેજ મળી આવ્યા છે. આ પ્રકાર[illegible]થી તેઓ ચલાવી રહ્યા હતા. અખ્તરને [illegible] કસ્ટડીમાં લેવામાં આવ્યા ત્યારે તેઓએ [illegible] દસ્તાવેજ મેળવી રહ્યા હતા. આ ગાળા [illegible] બાદ વિદેશ મંત્રાલય દ્વારા ભારતમાં [illegible]બાસીતને સમન્સ જારી કરીને બોલાવવામાં આવ્યા [illegible]બાસીત વિદેશ મંત્રાલય પહોંચ્યા હતા. [illegible]ને કહ્યું હતું કે અખ્તરને પરસોના નોનગ્રાટા [illegible]તેમને ભારત છોડવાની ફરજ પડશે. [illegible]જગી વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે [illegible]ની ગતિવિધિમાં સામેલ રહ્યું નથી.

(સંતોષ રેસ્ટોરન્ટ) હાજર રહેલ હતા.

ભીષણ ગોળીબાર

● અનુસંધાન ત્રીજાનું ચાલુ

પટ્ટામાં છ નાગરિકોને ગોળીબારામાં ઈજા થઈ હતી. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. છેલ્લા બે દિવસમાં આરએસ પુરા સેક્ટરમાં સરહદ પર ગોળીબારમાં ૧૬ લોકો ઘાયલ થયા છે. જમ્મુ જિલ્લાની આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર રાત્રિ ગાળા દરમિયાન ગોળીબાર ચાલી રહ્યો હતો. સામ સામે ગોળીબાર કનાચક, અખનૂર, અરણિયા અને અન્ય કેટલાક સેક્ટરોમાં જારી રહ્યો હતો. હાલમાં સરહદ ઉપર વિસ્ફોટક સ્થિતિ સર્જાયેલી છે. પાકિસ્તાની સેના દ્વારા કરવામાં આવેલા ગોળીબારનો ભારતીય સેનાએ જોરદાર જવાબ આપ્યો હતો. થોડાક દિવસ પહેલા જ પાકિસ્તાની ગોળીબારમાં આરએસ પુરા સેક્ટરમાં છ સ્થાનિક લોકો પણ ઘાયલ થયા હતા. પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા ગોળીબારના કારણે ગ્રામીણ લોકોમાં હાલમાં ભારે દહેશત દેખાઈ રહી છે. બીજી બાજુ કેટલાક લોકો તો અન્યત્ર ખસી જવા માટે વિચારી રહ્યા છે. પાકિસ્તાની સેના દ્વારા સતત કરવામાં આવી રહેલા ગોળીબારના કારણે વિસ્ફોટક સ્થિતી સર્જાયેલી છે. સ્થિતી હળવી બની રહી નથી. પાકિસ્તાની સેના દ્વારા હાલમાં સતત ઉશ્કેરણીજનક કૃત્ય કરવામાં આવી રહ્યુ છે. પાકિસ્તાની સેનાના વારંવાર ગોળીબારના કારણે લોકોને તેમના ઘરમાં રહેવાની સુચના આપવામાં આવી છે. બીએસએફના જવાનોએ સાત પાકિસ્તાની સેનિકોને મોતને ઘાટ ઉતારી દીધા બાદ પાકિસ્તાને ફરી સતત યુદ્ધવિરામનો ભંગ કર્યો છે. હાલમાં જ જમ્મુ કાશ્મીરના હિરાનગર સેક્ટરમાં હાલમાં પાકિસ્તાન તરફથી યુદ્ધવિરામનો ભંગ કરીને જોરદાર ગોળીબાર કરવામાં આવ્યો હતો. ઉરીમાં આર્મી કેમ્પ ઉપર ત્રાસવાદી હુમલો કરાયા બાદ જવાબી પગલા રુપે ભારત તરફથી પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં ઘુસીને અનેક આતંકવાદી કેમ્પોને ફૂંકી મારવામાં આવ્યા બાદથી હચમચી ઉઠેલી પાકિસ્તાની સેનાએ ૩૮ વખત યુદ્ધવિરામનો ભંગ કર્યો છે. ગયા ગુરુવારના દિવસે પણ આવું કૃત્ય કરવામાં આવ્યું હતું. સાથે સાથે ગયા બુધવારના દિવસે યુદ્ધ વિરામનો સીધો ભંગ કરીને ગોળીબાર કરાયો હતો. આ અગાઉ ગયા રવિવારના દિવસે પણ ગોળીબારના પરિણામ સ્વરુપે એક ભારતીય જવાન સુધીશ કુમાર શહીદ થયા હતા. પાકિસ્તાન તરફથી ભારતને ઉશ્કેરવા માટે સતત યુદ્ધવિરામનો ભંગ કરવામાં આવી રહ્યો છે. સુરક્ષા સંસ્થાઓને આશંકા છે કે, સર્જિકલ સ્ટ્રાઈકનો બદલો લેવા માટે પાકિસ્તાન સમર્થિત ત્રાસવાદી ભારતમાં ઘુસણખોરી કરી શકે છે. આ ઘુસણખોરીથી ભારતનું ધ્યાન અન્યત્ર વાળવા માટે ગોળીબાર કરવામાં આવે છે. આર્મી કેમ્પ ઉપર ૧૮મી સુપ્ટેમ્બરના દિવસે કરવામાં આવેલા ત્રાસવાદી હુમલામાં ૧૯ ભારતીય જવાન શહીદ થયા બાદ ૨૯મી સપ્ટેમ્બરના દિવસે ભારતે સર્જીકલ હુમલા કર્યા હતા.

વિશ્વાસ ગુમાવ્યો હતો

● અનુસંધાન ત્રીજાનું ચાલુ

મિસ્ત્રીએ ખોટા આક્ષેપો કર્યા છે. કમનસીબ બાબત છે કે સાયરસ મિસ્ત્રીએ કેટલાક પરીબળોના પરિણામ સ્વરૂપે બોર્ડ ઓફ ડિરેકટર્સના સભ્યોનો વિશ્વાસ ગુમાવી દીધો હતો. આ કમનસીબ બાબત છે કે મિસ્ત્રીએ કર્મચારીઓની આંખોમાં ગ્રુપની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાના પ્રયાસ કર્યા છે.

એકાએક હકાલપટ્ટી કરવામાં આવેલા સાયરસ મિસ્ત્રી છેલ્લા કેટલાક દિવસથી રતન તાતા સામે આક્ષેપ કરી રહ્યા છે. તાતા સન્સ બોર્ડના સભ્યોને મોકલવામાં આવેલા વિસ્ફોટક ગુપ્ત ઈમેલમાં સાયરસ મિસ્ત્રીએ ભારતની સૌથી મોટી કંપનીના ચેરમેન તરીકે તેમને બદલવા બદલ તેમના પર આક્ષેપો કર્યા છે. ચેરમેન તરીકેના ગાળામાં ઘણી બધી ભુલો થઈ હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. જોકે તાતા અને સાયરસ મિસ્ત્રીના મામલે કોર્ટમાં પણ મામલો પહોંચ્યો હતો.